# મુસ્લિમ બાળક

આ પુસ્તક એક પુસ્તક છે જેમાં મુસ્લિમ બાળકો માટે ઈસ્લામ ના
સિદ્ધાંતો અને નૈતિકતાના ગુણો વિશે સમજ આપી છે.

જેને પ્લે એન્ડ લર્ન વેબસાઈટ દ્વારા નિર્દેશિત અલ્જેરિયાના શિક્ષકોનું
જૂથ તૈયાર કરી રહ્યું છે

alsarhaan.com

mahadsunnah.com

بسم الله الرحمن الرحيم

અલ્લાહના નામથી શુરુ જે અત્યંત
કૃપાળુ અને દયાળુ છે

# 1

## પહેલો વિભાગ

# મારું ઈમાન

### હું મુસલમાન છું

.મારો રબ અલ્લાહ છે

અને મારા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે

અને ઈસ્લામ મારો ધર્મ છે

### હું સર્વશક્તિમાન અલ્લાહ ને ચાહું છું

.જે સમગ્ર વિશ્વનો રબ છે, ખૂબજ કૃપાળુ અને દયાળુ છે, ન્યાય ના દિવસનો માલિક છે.

કારણ કે તેણે મારું સર્જન કર્યું, મને આજીવિકા આપી અને મને મુસલમાન બનાવ્યો

### અલ્લાહ તઆલા ફરમાવે છે કે

તમામ પ્રશંસા સમગ્ર વિશ્વના રબ માટે છે, 1 જે અત્યંત કૃપાળુ અને
દયાળુ છે, 2 ન્યાય ના દિવસનો માલિક છે, 3 અમે તારી જ
ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ, 4
અમને સીધો માર્ગ બતાવ, 5 એમનો માર્ગ જેમનાં ઉપર તારું
ઈનામ 6 કર્યું, એમનો નહીં જેમનાં ઉપર તારો પ્રકોપ થયો અને ન
પ્રથભ્રષ્ટોના. 7

સુરહ ફાતિહા 1-7

હું મારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ
ને ચાહું છું

અલ્લાહે તેમને આપણી પાસે મોકલ્યા, તેમણે
આપણને અલ્લાહ નો પરિચય કરાવ્યો, અને
આપણને કુરઆન શિખવ્યું

હું મારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ
ને ચાહું છું

.અલ્લાહે તેમને આપણી પાસે મોકલ્યા, તેમણે
આપણને અલ્લાહ નો પરિચય કરાવ્યો, અને
આપણને કુરઆન શિખવ્યું.

“ અલ્લાહ તઆલા ફરમાવે

અને ખરેખર તમે નૈતિકતાના ઉચ્ચ દરજ્જા પર છો

68:4સૂરહ કલમ ”

“ અલ્લાહ તઆલા ફરમાવે છે

તમારા માંથી તમારી પાસે અલ્લાહ ના રસુલ આવી ગયા છે
તેમને તે વાત ભારે લાગે છે જેનાથી તમને દુ:ખ પહોંચે છે
તમારી સફળતા માટે ઝંખે છે અને ઈમાનવાળાઓ માટે
દયાળુ છે.

”

સૂરહ તૌબા 9:128

# અલ્લાહ તઆલા ફરમાવે છે

બેશક અમે તમને કૌશર પ્રદાન કર્યું છે **1** તો
તમે તમારા રબ માટે નમાઝ અદા કરો અને
કુરબાની આપો **2** બેશક તમારો દુશ્મન જ
નામોનિશાન વગરનો છે **3**

સૂરહ કૌશર

હું મારા ધર્મ ઇસ્લામને ચાહું છું

કારણ કે તે સાચો ધર્મ છે જેને અલ્લાહે આપણા માટે પસંદ કર્યો છે, અને આપણા પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) તેને લાવ્યા.
અને જે તેને વળગી રહેશે તે જન્નતમાં પ્રવેશ કરશે, અને જે તેને છોડી દેશે તે જહન્નમમાં જશે

# અલ્લાહ તઆલા ફરમાવે છે

સોગંધ છે જમાનાના, ખરેખર, **1** માનવજાત નુકસાનમાં
છે, **2** સિવાય કે જેઓ ઇમાન લાવે છે અને સત્કર્મ
કરે છે અને એકબીજાને સત્યની સલાહ આપે છે અને
એકબીજાને ધીરજની સલાહ આપે છે. **3**

## .છે ઇસ્લામના પાંચ આધારસ્તંભ

અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)અલ્લાહ ના રસુલ છે તે વાતની ગવાહી આપવી

નમાઝ કાયમ કરવી

ઝકાત આપવી

રમઝાન માસના રોઝા રાખવા

અલ્લાહના ઘરની હજ કરવી

## ઈમાનના છ અરકાન છે

અલ્લાહ પર ઈમાન

ફરિશ્તાઓ પર ઈમાન

કિતાબો પર ઈમાન

રસુલો પર ઈમાન

આખિરતના દિવસ પર ઈમાન

તકદીર પર ઈમાન જે સારૂં કે ખરાબ હોય



હું તે દરેકને ચાહું છું જે અલ્લાહ અને તેના રસુલને ચાહે છે

હું તે દરેકને નફરત કરૂં છું જે અલ્લાહ અને તેના રસુલને નફરત કરે છે

## 2

## બીજો વિભાગ

# મારી નમાઝ



સર્વશક્તિમાન અલ્લાહે આપણને માત્ર તેની જ ઈબાદત કરવા માટે બનાવ્યા છે, તેનો કોઈ ભાગીદાર નથી, તેથી આપણે તેના સિવાય બીજાની ઈબાદત કરતા નથી, અને આપણે તેના સિવાય બીજા કોઇ પાસે દુઆ કરતા નથી.

**અને સૌથી મોટી ઈબાદત નમાઝ છે**



## અને પાંચ વકતની નમાઝ અનિવાર્ય છે

1 ફજરની બે રકાઅત 

2 ઝોહરની ચાર રકાઅત 

3 અસરની ચાર રકાઅત 

4 મગરીબની ત્રણ રકાઅત 

5 ઈશાની ચાર રકાઅત 



હું નિયમિત પણે સમયસર નમાઝ અદા કરૂં છું અને નમ્રતાથી અદા કરૂ છું



હું નમાઝ અદા કરૂં તે પહેલાં, હું વુઝુ કરૂં છું, અને હું ક્યારેય વુઝુ કર્યા વિના નમાઝ અદા કરતો નથી.

# 3

## ત્રીજો વિભાગ

## મારાં સંસ્કાર



અલ્લાહ સારા સંસ્કારોને ચાહે છે અને ખરાબ સંસ્કારોને ધિક્કારે છે

સંપૂર્ણ સંસ્કારો સાથે આવ્યા અને નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ

### તેથી મારા માટે મારા માં સારા સંસ્કાર હોવા જરૂરી છે

જેમ કે પ્રમાણિકતા, વફાદારી, અમાનત, બહાદુરી, ઉદારતા અને સારી વાણી,
અને શિક્ષક માટે આદર, અને વડીલો માટે આદર.

### અને હું ખરાબ સંસ્કારોથી દૂર રહું :

જેમ કે જૂઠું બોલવું, વિશ્વાસઘાત, આળસ, કંજુસાઈ, અશ્લીલ વાણી, આદરનો અભાવ

### સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ કહ્યું

“ કયામતના દિવસે તમારામાંથી મારા નજદીક
તેઓ હશે જેમનાં સંસ્કાર સૌથી સારા હશે વિશ્વમાં
નૈતિકતા ”

# નિષ્કર્ષ

- જ્ઞાનનો પ્રકાશ અને અજ્ઞાનતાનો અંધકાર

- હું જ્ઞાન મેળવવાની કોશિશ કરું છું, અને હું તેને પ્રાપ્ત કરવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરું છું, જેથી મારો અલ્લાહ મારાથી ખુશ થાય. અને તે મને જન્નતમાં દાખલ કરશે

- ઝિકરો અઝકાર એ મુસલમાન માટે રક્ષણ છે .હું સવાર અને સાંજના અઝકારોને યાદ કરું છું, જેમાં આયત અલ-કુર્સી, સૂરહ ઈખ્લાસ, સૂરહ ફલક અને સૂરહ નાસ પઢુ છું.

- દુઆ એ સફળતા અને સમૃદ્ધિની ચાવી છે. તેથી હું દરેક સમયે અલ્લાહને ખૂબ દુઆ કરું છું: સજદામાં, અઝાન પછી અને રાત્રે.

## દુઆઓ

હે અલ્લાહ ! મને હિદાયત આપ

હે અલ્લાહ ! મારા ઈલ્મ માં વધારો કર

હે અલ્લાહ ! મને અને મારા માતા-પિતાને માફ કર અને તેમના પર રહેમ કર

હે અલ્લાહ ! મને આ દુનિયામાં ભલાઈ આપ, અને પરલોકમાં પણ ભલાઈ આપ, અને મને આગની સજાથી બચાવજે.

પુસ્તક :મુસલમાન બાળક. પ્લે એન્ડ લર્ન વેબસાઈટ દ્વારા દિગ્દર્શિત અરબીમાં આ એક પુસ્તક છે, જેની દેખરેખ શૈખ ડો. હૈસમ સરહાન કરે છે. આ એક પુસ્તક છે જેમાં મુસ્લિમ બાળક માટે ઈસ્લામના સિદ્ધાંતો અને નૈતિકતાનો સમાવેશ થાય છે.